Indian e-Journal on Teacher Education (IEJTE)
Bi-Monthly e-Journal (Peer Reviewed)
ISSN 2320 –7566

# A STUDY OF ATTITUDES TOWARDS SECULARISM OF B. ED COLLEGE STUDENTS

## (બી.એડ. કોલેજના તાલીમાર્થીઓમાં ધર્મનિરપેક્ષતા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ)

**DR. JIGNESHKUMAR HASMUKHBHAI LIMBACHIYA**

*Assistant Professor,*
*Darbar Gopaldas Shikshan Mahavidhyalya, Aliyabada (Jamnagar)*
*At. Aliybada, Ta. Jamnagar*
*Dist. Jamnagar, Gujarat*

========================================================================

**૧. પ્રસ્તાવના:**

ભારતએ એક ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર છે. સ્વતંત્ર લોકશાહી મૂલ્યોના રક્ષણ અને સંવર્ધન માટે ધર્મનિરપેક્ષતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ભારત જેવા વિશાળ રાષ્ટ્રમાં વિવિધ કોમના લોકો વસે છે. તેઓ જુદાં જુદાં ધર્મોનું પાલન કરે છે. ભારતમાં હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, પારસી, જૈન જેવી વિવિધ જાતિઓ વસે છે અને તેઓ હિંદુ, ઈસ્લામ, શીખ, ખ્રિસ્તી વગેરે જેવા ધર્મોનું પાલન કરે છે. વિવિધ ધર્મો પાળનારી બધી પ્રજાઓ પોતાના ધર્મોને સર્વોચ્ચ સ્થાન આપે છે અને કયારેક પોતાનો ધર્મ અન્ય ધર્મો કરતા શ્રેષ્ઠ છે તેવી માન્યતાને લીધે ધાર્મિક ઝનુનથી પ્રેરાયેલા લોકો અન્ય ધર્મીઓને કે વિધર્મીઓને હિંસાની આગમાં હોમી દે છે. તેમાંથી રકતપાત સર્જાય છે. હિંસાનો હુતાશન ફાટી નીકળે છે અને કેટલાક નિર્દોષ લોકોની જાનહાનિ થાય છે. આ પરિસ્થિતિમાં શિક્ષણ દ્વારા ધર્મનિરપેક્ષતા પ્રત્યે વિદ્યાર્થીઓને સભાન બનાવવા ખૂબ જરૂરી છે. કારણ કે આજનો વિદ્યાર્થી એ આવતીકાલનો નાગરિક છે. લોકોશાહીની પૂર્ણ માવજત માટે સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ જેવા મૂલ્યોના સંરક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે અને જો દેશની એકતા અને અંડિતતાનું રક્ષણ કરવું હોય તો ધર્મ નિરપેક્ષ જેવા મૂલ્યનું સંરક્ષણ અને સંક્રમણ અનિવાર્ય છે.

આજની યુવા પેઢીને બંધારણમાં નિર્દેશિત મૂલ્ય અને ધર્મનિરપેક્ષતા પ્રત્યે જાગૃત કરવા અતિઆવશ્યક છે અને આ કામ શિક્ષિત વિદ્યાર્થીઓ વધુ સારી રીતે કરી શકે છે. શિક્ષકે વિદ્યાર્થીઓને ધર્મનિરપેક્ષતા વિશે સમજ આપી તેમને તેના પ્રત્યે સભાન કરવા જોઈએ કે જેથી તેઓ અન્ય ધર્મના આદર કરે જેથી રાષ્ટ્રમાં ચાલતા ધર્મ-ધર્મ વચ્ચેના ઝઘડા કે હુલ્લડોનો અંત આવી શકે. ધર્મનિરપેક્ષતાનું મૂલ્ય વિદ્યાર્થીઓમાં સક્રાત કરવાની શિક્ષકની ફરજ બની રહે છે. આજનો વિદ્યાર્થીએ રાષ્ટ્રનો ભાવિ નાગરિક હોવાથી તેને ધર્મ નિરપેક્ષતા ધાર્મિક સહિષ્ણુતા કે સર્વધર્મ સમભાવની ભાવના કેળવવા માટે તૈયાર કરવો જોઈએ. આથી બી.એડ કોલેજના તાલીમાર્થીઓમાં ધર્મનિરપેક્ષતા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ જાણવાના ભાગરૂપે પ્રસ્તુત સંશોધન હાથ ધરવાનું વિચારેલ છે.

**૨. સંશોધનનું શીર્ષક:**

" બી.એડ કોલેજના તાલીમાર્થીઓમાં ધર્મનિરપેક્ષતા પ્રત્યેનાં વલણોનો અભ્યાસ"

A Study of Attitudes towards Secularism of B.ED College Students

**૩. સંશોધનના હેતુઓ:**

(૧) બી.એડ કોલેજના તાલીમાર્થીઓમાં માટે ધર્મનિરપેક્ષતા માપદંડની રચના કરવી.

(૨) બી.એડ કોલેજના અભ્યાસ કરતા તાલીમાર્થીઓના જાતિના સંદર્ભમાં ધર્મનિરપેક્ષતા પ્રત્યેના વલણો જાણવા.

(૩) બી.એડ કોલેજના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વિસ્તારના સંદર્ભમાં ધર્મનિરપેક્ષતા પ્રત્યેનાં વલણો જાણવા.

**૪. સંશોધનની ઉત્કલ્પનાઓ:**

'સંશોધનના પરિણામો અંગેની અપેક્ષાઓ કે આગાહીઓ એટલે ઉત્કલ્પના "

મેક ગૂઈગન ના મત અનુસાર,

'ઉત્કલ્પના બે કે તેથી વધુ પરિવત્યો (ચલોની) વચ્ચેના સંભવિત સંબંધનું એક પરીક્ષણીય કથન છે.'

**પ્રસ્તુત સંશોધન માટે નીચે પ્રમાણે ઉત્કલ્પનાઓ બાંધી હતી.**

$Ho_1$ બી.એડ કોલેજના તાલીમાર્થીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના ધર્મનિરપેક્ષતા વલણ માપદંડમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

$Ho_2$ બી.એડ કોલેજના તાલીમાર્થીઓમાં અભ્યાસ કરતા શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓના ધર્મનિરપેક્ષતા વલણ માપદંડમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$ બી.એડ કોલેજના તાલીમાર્થીઓમાં અભ્યાસ કરતા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના ધર્મનિરપેક્ષતા વલણ માપદંડમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$ બી.એડ કોલેજના તાલીમાર્થીઓમાં અભ્યાસ કરતા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના ધર્મનિરપેક્ષતા વલણ માપદંડમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**૫. સંશોધનનું ક્ષેત્ર:**

પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર ધાર્મિક અને શૈક્ષણિક પ્રકારનું હતું.

**૬. સંશોધનના પ્રકાર:**

પ્રસ્તુત સંશોધનના તારણો વ્યવહારમાં લાગુ પાડી શકાય એવા હતો. આથી આ સંશોધન એ વ્યાવહારિક પ્રકારનું સંશોધન હતું.

**૭. સંશોધન પદ્ધતિઃ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**૮. સંશોધનમાં સમાવિષ્ટ ચલો:**

પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ ચલો નીચે મુજબ હતા.

| ક્રમ | ચલ | ચલનો પ્રકાર | કક્ષા | સ્તર |
|---|---|---|---|---|
| ૧ | જાતીયતા | સ્વતંત્ર ચલ | ૨ | ૧. છોકરા<br>૨.છોકરીઓ |
| ૨ | વિસ્તાર | સ્વતંત્ર ચલ | ૨ | ૧. ગ્રામ્ય<br>૨.શહેરી |
| ૩ | વલણો | પરતંત્ર ચલ | ૨ | ૧. હકારાત્મક વિધાનો<br>૨. નકારાત્મક વિધાનો |
| ૪ | બી.એડ. | અંકુશિત ચલ | ૧ | સેમ-૧ |

**૯. સંશોધનનું મહત્ત્વ:**

પ્રસ્તુત સંશોધનનું મહત્ત્વ નીચે પ્રમાણે હતું.

- ભારતે બંધારણમાં પોતાને ધર્મનિરપેક્ષતા રાષ્ટ્ર તરીકે જાહેર કર્યું છે. આજનો વિદ્યાર્થી એ ભારતનો ભાવિ નાગરિક છે. જેથી તેઓને ધર્મનિરપેક્ષતાનું શિક્ષણ આપવું જરૂરી બની રહે છે. આથી શિક્ષણમાં કોઈ એક ધર્મના શિક્ષણને બદલે સર્વધર્મ શિક્ષણ આપવું જરૂરી બને છે.
- ભારત જેવા રાષ્ટ્રમાં જ્યાં વિવિધ ધર્મો પાળતી પ્રજાઓ એકસાથે નિવાસ કરતી હોય ત્યાં બધી પ્રજાઓ વચ્ચે ભાવાત્મક અને રાષ્ટ્રીય એકતા જળવાય તે માટે ધર્મનિરપેક્ષતાનું શિક્ષણ આપવું અનિવાર્ય છે.
- રાષ્ટ્રીય અખંડિતતા માટે રાષ્ટ્રીય એકતા અનિવાર્ય છે. ધર્મનિરપેક્ષતાનું શિક્ષણ આપવાથી બાળકો રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનું મહત્ત્વ સમજે છે.
- ધર્મનિરપેક્ષતાના શિક્ષણથી સાચી દેશભક્તિ, રાષ્ટ્રીયતા, સ્વદેશાભિમાન જેવા ગુણોનો વિકાસ થાય છે. સાચા રાષ્ટ્રવાદ (Nationalism) ના વિકાસ માટે ધર્મનિરપેક્ષતાનું શિક્ષણ આપવું અનિવાર્ય છે.

**૧૦. વ્યાપવિશ્વ અને નિદર્શ:**

પ્રસ્તુત અભ્યાસમાં જામનગર તાલુકાની બી.એડ કોલેજના તાલીમાર્થીઓના વ્યાપવિશ્વમાં સમાવેશ થાય છે. જામનગર તાલુકાની બી.એડ કોલેજો પૈકી કુલ-૪ કોલેજના કુલ-૩૫૦ તાલીમાર્થીઓ સ્તરીકૃત રીતે નમુનો પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં ૧૭૫ વિદ્યાર્થીઓ અને ૧૭૫ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થતો હતો.

**૧૧. સંશોધનની મર્યાદાઓ:**

દરેક બાબતની ચોક્કસ સીમા હોય છે અને એ સીમાને લીધે જ તેનું કાર્યક્ષેત્ર તેના ધ્યેય સુધી પહોંચી શકે છે. પ્રસ્તુત સંશોધનની મર્યાદાઓ નીચે મુજબ નક્કી કરેલ છે.

- પ્રસ્તુત અભ્યાસ જામનગર તાલુકા પૂરતું મર્યાદિત હોવાથી અન્ય તાલુકાઓને તેના પરિણામ લાગુ પાડી શકાતા નથી.
- પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ પૂરતું મર્યાદિત હતું. પ્રસ્તુત સંશોધન માત્ર બી.એડ કોલેજના તાલીમાર્થીઓ પૂરતું મર્યાદિત હોઈ અન્ય કક્ષાએ લાગુ પાડી શકાશે નહિ.
- પ્રસ્તુત સંશોધન વર્ષ ૨૦૨૩-૨૪ બી.એડ કોલેજના સેમ-૧માં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓ પૂરતો મર્યાદિત હતો.

**૧૨. સંશોધનનું ઉપકરણ:**

પ્રસ્તુત સંશોધનમાં બી.એડ કોલેજના તાલીમાર્થીઓના ધર્મનિરપેક્ષતા પ્રત્યેના વલણો જાણવાના હોવાથી સંશોધકે સૌ પ્રથમ સ્વરચિત વલણ માપદંડ તૈયાર કર્યો હતો. ત્યારબાદ તજજ્ઞોના અભિપ્રાય અનુસાર બાદ વલણ માપદંડમાં જરૂરી ફેરફારો કરી સેમ-૧ ના ૨૫ તાલીમાર્થીના નમૂના પર પ્રારંભિક અજમાયશ કરવામાં આવી હતી. ત્યારબાદ વલણ માપદંડમાં જરૂરી ફેરફારો કરી વલણ માપદંડમાં કુલ-૨૯ વિધાનોને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

**૧૩. માહિતીનું એકત્રીકરણ:**

નમૂનામાં સમાવિષ્ટ પાત્રો જે બી.એડ કોલેજના તાલીમાર્થીઓ અભ્યાસ કરતા હતા તે બી.એડ કોલેજના આચાર્યશ્રીની મંજૂરી મેળવીને જે તે બી.એડ કોલેજમાં રૂબરૂ જઈને દરેક કોલેજના સેમ-૧ ના વર્ગમાં વલણ માપદંડ આપીને માહિતી એકત્રીકરણ કરવામાં આવી હતી.

**૧૪. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન:**

મળેલ માહિતીનું અંકશાસ્ત્રીય ગણતરીઓ કરી તેનું અર્થઘટન કરવામાં આવ્યું તેમજ સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ અને ટી-ગુણોત્તર શોધવામાં આવ્યો હતો.

**૧૫. અભ્યાસના તારણો:**

સમગ્ર અભ્યાસ કર્યા બાદ સંશોધકે કેટલાંક તારણો મેળવ્યાં હતાં. તેમાંથી કેટલાંક મુખ્ય તારણો આ પ્રમાણે હતા.

(૧) બી.એડ કોલેજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના ધર્મનિરપેક્ષતા પ્રત્યેના વલણો સમાન જોવા મળ્યા ન હતા.

(૨) બી.એડ કોલેજના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના ધર્મનિરપેક્ષતા પ્રત્યેના વલણો સમાન જોવા મળ્યા ન હતા.

(૩) બી.એડ કોલેજના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના ધર્મનિરપેક્ષતા પ્રત્યેના વલણો સમાન જોવા મળ્યા ન હતા.

(૪) બી.એડ કોલેજના શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના ધર્મનિરપેક્ષતા પ્રત્યેના વલણો સમાન જોવા મળ્યા ન હતા.

**૧૬. શૈક્ષણિક ફલિતાર્થો:**

(૧) ધર્મનિરપેક્ષતા બાલ સંસ્કારની કેળવણી છે. શાળામાં બાળકોને બધા ધર્મોના પ્રતીકો / સૂત્રોની સમજ આપી આદર કેળવવો.

દા.ત. ૐ હિન્દુ ધર્મનું પ્રતિક વગેરે

(૨) શાળામાં બધા ધર્મોની ઉજવણી કરવી અને શુભેચ્છા પાઠવવી.

હિન્દુ – દિવાળી-બેસતુ વર્ષ - Happy New Year વગેરે શબ્દોથી

ખ્રિસ્તી – બેસતું વર્ષ -Happy Kirstmas વગેરેથી

જૈન – બેસતુ વર્ષ – મિચ્છામિ દુકડ્યું શબ્દોથી કહેવું

મુસ્લિમ – બેસતુ વર્ષ – ઈદ મુબારક વગેરે કહેવું

(૩) શાળામાં બાળકોને - મંદિર, મસ્જિદ, દેવળ, ગુરુદ્વારા, ચર્ચ, અગિયારી વગેરે ધર્મસ્થાને પ્રવાસમાં લઈ જઈ શકાય. દરેક ધર્મસ્થાન, દરેક ધર્મગુરુ, દરેક ધર્મના પુસ્તકો ધર્મગુરુઓની મુલાકાત યોજી શકાય. દરેક ધર્મના તહેવારોને સરખુ પ્રાધાન્ય આપવુ અને તમામ ધર્મના તહેવારો શાળામાં ઉજવણી કરી શકાય અને ધર્મનિરપેક્ષતાની ભાવનાનો વિકાસ કરી શકાય.

(૪) માનવ સંસ્કૃતિના વિકાસ માટે સમર્પણ કે બલિદાન દર્શાવતા ઉદાહરણો આપવા. દા.ત.અબ્રાહિમ લિંકન, ગાંધીજી, નરસિંહ, મીરાં, આઈનસ્ટાઈન વગેરે જેઓને ધર્મભેદ હતો. વિશાળ દૃષ્ટિ હતી. સર્વધર્મ સમભાવ હતો.

(૫) ઈતિહાસ માંથી ઉદાર ભાવના વાળા પ્રસંગો, સર્વધર્મ સમભાવના પ્રસંગોના બાળકોને ખ્યાલ આપવો. દા.ત.શિવાજીએ ભેટ તરીકે લેવાયેલી મુસ્લિમ સ્ત્રીને માતા તરીકે સ્વીકારી હતી.

(૬) રાષ્ટ્રીય ભાવનાની શિબિરો યોજી કોલેજમાં એન.એસ.એસ. પ્રવૃતિઓ ઉભી કરવી જેથી તેના કાર્યક્રમોથી ધર્મનિરપેક્ષતાની તથા જેવી લોક કલ્યાણ ભાવના વિકસે.

(૭) સર્વધર્મ સભા સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરી શકાય. ધર્મભાવના સદાચારના પાઠો અને તેવા કાર્યક્રમોનું આયોજન કરી શકાય.

➢ **સંદર્ભસૂચી :**


- આચાર્ય, મોહિની (૨૦૧૪). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (બીજી આવૃત્તિ), અમદાવાદ: અક્ષર પબ્લિકેશન.
- પરમાર, ગણેશ (૨૦૧૦). શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલાઓ. (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ: અક્ષર પબ્લિકેશન.
- ભગવતસિંહજી, (૧૯૮૬). ભગવદ્ગોમંડલ. રાજકોટ: પ્રવિણ પ્રકાશન પ્રા. લિ.
- દેસાઈ, એચ.જી. અને દેસાઈ, કે.જી. (૧૯૯૭). સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.